લાખોના ખર્ચે બનેલું નવુ આરોગ્ય સબ સેન્ટર તૈયાર હોવા છતાં જૂના જર્જરિત સ્ટોરરૂમમાં ચાલતો કારભાર

મહુધાના હેરંજમાં નવું આરોગ્ય સબ સેન્ટર ૬ માસથી ઉદ્ઘાટનની રાહે બંધ

સાંકડા રૂમમાં ટપાલ વિભાગ અને આરોગ્ય સેવાઓ એકસાથે ચાલતા ભયંકર અવ્યવસ્થા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

મહુધાના હેરંજ ગામમાં લાખો રૂપિયાના ખર્ચે નવું આરોગ્ય સબ સેન્ટર છેલ્લા ૬ મહિનાથી બનીને તૈયાર હોવા છતાં માત્ર ઉદ્ઘાટનની રાહમાં બંધ હાલતમાં ધૂળ ખાઈ રહ્યું છે. જેના કારણે આરોગ્ય વિભાગના કર્મચારીઓને ફરજિયાતપણે ગ્રામ પંચાયતના એક અત્યંત જર્જરિત અને સાંકડા સ્ટોરરૂમમાં બેસીને ગામલોકોને આરોગ્યલક્ષી સેવાઓ આપવાની નોબત આવી છે.

હેરંજ ગામમાં તંત્ર દ્વારા નવું મકાન બનાવી દેવાયું છે, પરંતુ તેનો લાભ હજુ સુધી લોકોને મળ્યો નથી. હાલમાં ગ્રામ પંચાયત કચેરીના આશરે ૨૫ બાય ૧૫ ફૂટના એક જૂના સ્ટોરરૂમમાં આરોગ્ય સબ સેન્ટરનો કારભાર ચલાવવામાં આવી રહ્યો છે. આ રૂમની હાલત એટલી ખરાબ છે કે તેમાં મોટાભાગની જગ્યા પંચાયતના નકામા અને જૂના સામાનથી ભરાયેલી રહે છે. બાકી વધેલી થોડી જગ્યામાં દર્દીઓની તપાસ અને સારવાર કરે છે, જ્યારે બીજી તરફ પોસ્ટ એક તરફ આરોગ્ય કર્મચારીઓ વિભાગનું કામકાજ પણ ત્યાં જ ચાલતું હોવાથી ભયંકર અવ્યવસ્થા સર્જાય છે.

ઉદ્ઘાટનની લ્હાયમાં સેવાઓ જોખમમાં

છેલ્લા ૬ માસથી નવું મકાન તૈયાર હોવા છતાં તેને શરૂ કરવામાં કેમ આટલો વિલંબ થઈ રહ્યો છે તે ગ્રામજનો માટે મોટો પ્રશ્ન બની ગયો છે. લોકોમાં એવી ચર્ચા છે કે માત્ર ઉદ્ઘાટન કરાવવાની લ્હાયમાં આરોગ્ય જેવી તાકીદની અને આવશ્યક સેવાને જોખમમાં મૂકવામાં આવી રહી છે.

દવાઓ પલળી જતાં મોટું નુકસાન

આ જર્જરિત સ્ટોરરૂમમાં સ્વચ્છતા અને સુરક્ષાનો સદંતર અભાવ જોવા મળે છે તથા દર્દીઓની તપાસ માટે જરૂરી ગોપનીયતા જળવાતી નથી. ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદ પડે ત્યારે રૂમની છતમાંથી સતત પાણી ટપકતું રહે છે, જેના કારણે અંદર રાખવામાં આવેલો કિંમતી દવાઓનો જથ્થો પલળી ગયો હતો.

કપડવંજ નાગરિક સમિતિ દ્વારા નગરપાલિકાને આવેદનપત્ર સુપ્રત કરાયું

કપડવંજમાં રોડની ગુણવત્તા સહિતના પ્રશ્નો અંગે રજૂઆત

ગટર, પાણી અને સ્વચ્છતાના પ્રશ્ને ચીફ ઓફિસરને રૂબરૂ રજૂઆત કરી સમયસર ઉકેલ લાવવા માગ

(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૬

કપડવંજ નાગરિક સમિતિ દ્વારા પંથકના વિવિધ પ્રજાકીય પ્રશ્નોને લઈને નગરપાલિકાના ચીફ ઓફિસર મેહુલભાઈ પરમારને આવેદનપત્ર અર્પણ કરી રૂબરૂ રજૂઆતો કરવામાં આવી હતી. આ રજૂઆતમાં મુખ્યત્વે તાજેતરમાં બનેલા નવા રસ્તાઓની કામગીરી અને ગુણવત્તા યોગ્ય છે કે નહીં તે અંગે મુખ્યત્વે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત શહેરની ગટર વ્યવસ્થા, પીવાના પાણીનો પુરવઠો તથા સમગ્ર વિસ્તારમાં સ્વચ્છતા જાળવવા બાબતે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરીને યોગ્ય યોગ્ય કામગીરી કરવા અનુરોધ કરાયો હતો. આ પ્રસંગે નાગરિક સમિતિના કન્વીનર અનંત પટેલ, ડો. પી. કે. પટેલ, કીર્તન પરીખ, ભાવિન જોશી, જયેશ રબારી, વસંત પટેલ અને અતુલ શાહ સહિતના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ સભ્યોએ પોતપોતાના વિસ્તારની સ્થાનિક મુશ્કેલીઓ અસરકારક રીતે રજૂ કરી તેનો સમયસર ઉકેલ લાવવા માગ કરી હતી.

સોનીપુરામાં ગાય આડી આવતાં અકસ્માત સર્જાયો

કપડવંજમાં બાઈક સ્લીપ થતાં આધેડનું કરૂણ મોત

દનાદરાથી કપડવંજ આવતી વખતે ચાલકે કાબૂ ગુમાવ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૬

કપડવંજના સોનીપુરા રેલવે ફાટક નજીક માતૃધારા વોશિંગ સેન્ટર આગળ રસ્તામાં અચાનક ગાય આવી જતાં મોટરસાયકલ સ્લીપ થઈ ગઈ હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા આધેડનું અમદાવાદની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજતાં કપડવંજ ટાઉન પોલીસે વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોટરસાયકલના ચાલક હરેશ હરિ પટેલ દનાદરાથી કપડવંજ આવી રહ્યા હતા. તે દરમિયાન રસ્તામાં અચાનક ગાય આવી જતાં તેમણે વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો અને મોટરસાયકલ સ્લીપ ખાઈ ગઈ હતી.

આ અકસ્માતમાં મોટરસાયકલની પાછળ બેઠેલા પ્રવીણચંદ્ર પૂજાલાલ વાણંદને માથાના અને હાથના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી . તેમને વધુ સારવાર અર્થે અમદાવાદની એસવીપી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર દિપકકુમાર પારેખે કપડવંજ ટાઉન પોલીસ મથકે મોટરસાયકલ ચાલક વિરુદ્ધ ફરિયાદ આપતાં પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.

સંતરામપુરની પાંચ દિવસથી પાણી પુરવઠો ઠપ્પ રહેતાં રહિશોમાં રોષ

અમરદીપ સોસાયટીમાં ૧૨ મહિનાનો વેરો વસૂલ્યા છતાં પાલિકાનું બેજવાબદાર વલણ

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૬

સંતરામપુર નગરની અમરદીપ સોસાયટીના રહીશો છેલ્લા ૪ થી ૫ દિવસથી નગરપાલિકા દ્વારા અપાતા પીવાના પાણીના પુરવઠાથી વંચિત રહીને ભારે યાતના ભોગવી રહ્યા છે. પાણીની આ ગંભીર સમસ્યા અંગે નગરપાલિકા, નગરપાલિકા પ્રમુખ તેમજ સ્થાનિક ચૂંટાયેલા પ્રતિનિધિઓને વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ યોગ્ય ઉત્તર કે ઉકેલ ન મળતા સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં એકત્રિત થઈને પોતાની વેદના અને વિરોધ વ્યક્ત કર્યો હતો.

સંતરામપુર નગરપાલિકા દ્વારા રહીશો પાસેથી આખા વર્ષનો (૧૨ મહિનાનો) પાણી વેરો એડવાન્સમાં ઉઘરાવી લેવામાં આવે છે, તેમ છતાં પણ રોજિંદો નિયમિત પાણી પુરવઠો પૂરો પાડવામાં સંતરામપુર નગરપાલિકાના સત્તાધીશો સાવ ઉણા ઊતર્યા છે. રહીશો જ્યારે પાણી પુરવઠા અંગે પૂછપરછ કરવા જાય છે ત્યારે તંત્ર તરફથી 'પાણી આવશે તો મળશે', 'મોટર બળી ગઈ છે' કે 'કડાણા ખાતે લાઈટ નથી' જેવા વિવિધ ઉડાઉ જવાબો આપવામાં આવતા હોવાનો આક્ષેપ કરાયો છે.

આ ઉપરાંત, નગરપાલિકાના જ કેટલાક સભ્યોએ માલસામાનની ખરીદીમાં ગોબાચારી, ગેરરીતિ અને સામાન પૂરો ન આવ્યો હોવા છતાં પેમેન્ટ કરી ભ્રષ્ટાચાર આચર્યાની રજૂઆતો ભાજપ સંગઠન, ગાંધીનગર સ્તરે તથા વડોદરા પ્રાદેશિક કમિશનર કચેરીમાં કરેલી છે. આ અંગેની અનેક ફરિયાદોની તપાસ વડોદરા ઝોનની કચેરીમાં હજુ સુધી પડતર હોવાથી નગરપાલિકાના વહીવટ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. હાલમાં અમરદીપ સોસાયટીના રહીશોએ તાત્કાલિક પાણી પુરવઠો શરૂ કરી આ સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા મજબૂત માંગણી કરી છે.

ખંભાતમાં ક્લિનિક ચલાવતી બોગસ મહિલા ડોક્ટર ઝબ્બે

માત્ર નર્સિંગ સર્ટિફિકેટના આધારે એલોપેથિક સારવાર શરૂ કરી દીધી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૬

ખંભાત તાલુકાના મિતલી ગામે આરોગ્ય વિભાગ અને ખંભાત રૂરલ પોલીસે સંયુક્ત દરોડો પાડીને કોઈ પણ માન્ય ડિગ્રી કે લાયકાત વગર ગેરકાયદેસર રીતે એલોપેથિક ક્લિનિક ચલાવતી મહિલાને રંગેહાથ ઝડપી પાડી છે.

રોહિણી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો. બિજલબેન મોદી અને ખંભાત રૂરલ પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મિતલી ગામના બારડ ફળીમાં આવેલા એક ભાડાના મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરોડા દરમિયાન ભાવનાબેન વિષ્ણુભાઈ પટેલ નામની મહિલા કોઈપણ માન્ય ડિગ્રી વગર ગેરકાયદેસર રીતે એલોપેથિક મેડિકલ પ્રેક્ટિસ કરતી મળી આવી હતી. સ્થળ પરથી સ્ટેથોસ્કોપ, બીપી માપવાનું મશીન, દર્દીઓને બાટલા ચડાવવા માટેના બે બેડ, એન્ટિબાયોટિક, પેઇનકિલર સિરપ તેમજ વિવિધ ઇન્જેક્શનોનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો.

પોલીસે પ્રેક્ટિસ અંગેનું લાયસન્સ માગતા મહિલાએ માત્ર 'જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરી'નું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. એલોપેથિક સારવાર માટે તેમની પાસે કોઈ માન્ય મેડિકલ ડિગ્રી નહોતી. આથી, પોલીસે દવાઓ તથા સાધનો મળી કુલ ૭૨,૯૭૪નો મુદ્દામાલ સીલ કરી ભાવનાબેન પટેલ સામે ગુનો નોંધ્યો હતો.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં 'નો-કુક કુકિંગ' પ્રવૃત્તિ યોજાઈ

કપડવંજ | કપડવંજની જીવનશિલ્પ ઇન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ ૧ અને ૨ ના વિદ્યાર્થીઓમાં સ્વસ્થ આહારની ટેવ અને પૌષ્ટિક ખોરાક પ્રત્યે જાગૃતિ કેળવવાના હેતુથી 'નો-કુક કુકિંગ' પ્રવૃત્તિનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિ દરમિયાન વિદ્યાર્થીઓ ઘરેથી લાવેલા તાજાં ફળો, શાકભાજી અને કઠોળમાંથી શિક્ષકોના માર્ગદર્શન હેઠળ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક સલાડ તૈયાર કરીને તેનો આનંદ માણ્યો હતો. આ આયોજન દ્વારા બાળકોને આરોગ્યપ્રદ આહારની સાથે સ્વચ્છતા, સ્વાવલંબન, સહકાર અને ખોરાકની યોગ્ય પસંદગી જેવા મહત્વપૂર્ણ જીવન કૌશલ્યોનો વ્યવહારુ અનુભવ મળ્યો હતો. શાળાના ડિરેક્ટર સિદ્ધાર્થ પટેલે આભારવિધી કરી હતી.

કપડવંજમાં દહીયપ ખાતે આંગણવાડી કેન્દ્ર દ્વારા 'આંગણ મિલન ઉત્સવ'નું ઉત્સાહભેર આયોજન

કપડવંજ | દહીયપ ખાતે આંગણવાડી કેન્દ્ર દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ, પોષણ અને માતા-બાળકના આરોગ્ય અંગે જાગૃતિ લાવવાના હેતુથી 'આંગણ મિલન ઉત્સવ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ખેડા જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન મધુબેન સોલંકી તથા કપડવંજ તાલુકા સંગઠનના પૂર્વ પ્રમુખ ધુળસિંહ સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં દહીઅપ ગ્રામ પંચાયતના સરપંચ શાહીદ સૈયદ, લઘુમતી મોરચાના પ્રમુખ જહીર સૈયદ તથા પંચાયત સભ્ય મિરઝા ગવરબેગ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

કપડવંજમાં 'રૂમઝૂમ નવરાત્રિ મહોત્સવ' માટે કોલેજ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય ભૂમિપૂજન સંપન્ન

કપડવંજ | કપડવંજ ખાતે ખ્યાતનામ 'રૂમઝૂમ નવરાત્રિ મહોત્સવ'ના આયોજન અર્થે કોલેજ ગ્રાઉન્ડ પર વૈદિક મંત્રોચ્ચાર સાથે ભવ્ય ભૂમિપૂજન યોજાયું હતું. સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત આ પ્રસંગે ભૂદેવો દ્વારા વિધિવત પૂજન-અર્ચન કરાવીને ગ્રાઉન્ડ પર તૈયારીઓનો પ્રારંભ કરાયો હતો. ભૂમિપૂજનના આ પ્રસંગે સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ ધવલ પટેલ,નયન પટેલ, દક્ષેશ કંસારા,નીરવ પટેલ તુષાર પટેલ,ચિન્ટુ પટેલ, મોન્ટુ ભટ્ટ,સન્ની પટેલ,મયુર શર્મા,સુરેશ રાજગોર, અલ્પેશ પંડ્યા,કેતન પટેલ, રીતુલ તલાટી,કૌશલ પટેલ તથા ભાજપ સંગઠનના હોદ્દેદારો,દાતાઓ અને આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

માતરના પરીએજ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વૃક્ષારોપણ અને સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ

માતર | માતર તાલુકાના પરીએજ પ્રવાસન સ્થળ ખાતે 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંતર્ગત 'સેવા મારું યોગદાન' પ્રવૃત્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન માતૃવન ખાતે 'એક પેડ મા કે નામ 3.0' અભિયાન અંતર્ગત વિવિધ વૃક્ષોનું રોપણ કરી સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરાઈ હતી. સ્થાનિકો અને અધિકારીઓ દ્વારા પર્યાવરણ જતન, સ્વચ્છતા જાગૃતિ અને હરિયાળા પર્યાવરણના નિર્માણ માટેના સંકલ્પો લેવાયા હતા. આ પ્રસંગે પ્રાંત અધિકારી નિમેષ પટેલ, ટીડીઓ મયુરસિંહ વાળા, મામલતદાર સહિતના વિવિધ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

વણાકબોરી થર્મલ ખાતે બે હજારથી વધુ લોકોએ 'વંદે માતરમ્' ગાન કરી રાષ્ટ્રભક્તિ વ્યક્ત કરી

સેવાલિયા | 'વંદે માતરમ્' ગીતને ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે વિદ્યા ભારતી દ્વારા વણાકબોરી થર્મલના રંગ ભવન મેદાન ખાતે સામૂહિક પૂર્ણ 'વંદે માતરમ્' ગાન યોજાયું હતું. આ કાર્યક્રમમાં થર્મલના અધિકારીઓ, કર્મચારીઓ, ખેડા જિલ્લા પંચાયત સદસ્યો, હોદ્દેદારો અને નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. શાળાના વિદ્યાર્થીઓ સહિત ૨,૦૦૦થી વધુ લોકોએ એક સાથે અને એક લયમાં પૂર્ણ ગાન કરીને દેશપ્રેમ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત વિસ્તારની વિદ્યુતબોર્ડ વિદ્યાલય સહિત અન્ય વિવિધ શાળાઓમાં પણ વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ઉત્સાહભેર સામૂહિક ગાન કરાયું હતું.

આઇસ્ટારના ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ ખાતે 'પ્રોફેશનલ સ્કીલ ટ્રેનિંગ' વર્કશોપ યોજાયો

આણંદ | વિદ્યાનગર સ્થિત સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઇસ્ટાર કોલેજના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ખાતે વિદ્યાર્થીઓ માટે પ્રોફેશનલ સ્કીલ ટ્રેનિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા જીગરભાઈ સોલંકીએ ઇફેક્ટ ઓફ પોઝિટિવ માઇન્ડસેટ ઇન લાઈફ વિષય પર વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યૂમાં સફળતા અને કારકિર્દી ઘડતર અંગેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તજજ્ઞ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ મારફતે વિદ્યાર્થીઓને ઔદ્યોગિક ગૃહોમાં નોકરી દરમિયાન ઉપયોગી નીવડે તેવી પ્રોફેશનલ અને સોફ્ટ સ્કીલ્સની વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી.

આણંદના ખાંધલી ખાતે 'પૂ. શીવાબાપા-હરીબા વામન ગીર ગૌ શાળા'નો પ્રારંભ કરાયો

આણંદ | આણંદ તાલુકાના ખાંધલી ખાતે વામનબંધુ ફાઉન્ડેશન સંચાલિત શીવાબાપા-હરીબા વામન ગીર ગૌ શાળાનો શુભારંભ કરવામાં આવ્યો છે. જ્યોતિષી ધર્મેન્દ્રભાઈ જોષીના હસ્તે ગાયોની પૂજનવિધિ કરીને ગૌશાળાની વિધિવત શરૂઆત કરાઈ હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ દલસુખભાઈ પ્રજાપતિ સહિત અન્ય ટ્રસ્ટીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ ગૌશાળા દ્વારા આગામી સમયમાં ગીર ગાયના પ્રાકૃતિક દૂધ અને શુદ્ધ ઘીનું વિતરણ કરવામાં આવશે.

નડિયાદના મંજીપુરા ખાતે 'ભારત કો જાનો' સ્પર્ધા યોજાઈ: ૬૦થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા

નડિયાદ | ભારત વિકાસ પરિષદ (બીવીપી) નડિયાદ દ્વારા મંજીપુરા સ્થિત સરસ્વતી માધ્યમિક વિદ્યાલય ખાતે 'ભારત કો જાનો' પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રતિયોગિતામાં શાળાના ૬૦થી વધુ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રમુખ અમિત સોની, કિરીટભાઈ શાહ, શાળાના ટ્રસ્ટી તુષાર મિસ્ત્રી અને આચાર્ય દર્શનાબેન સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટી યુવા મહોત્સવમાં આણંદ કોમર્સ કોલેજનો ડંકો વાગ્યો

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતરમહાવિદ્યાલય યુવા મહોત્સવની ૧૯ સ્પર્ધાઓમાં આણંદ કોમર્સ કોલેજના ૩૫ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ક્વિઝ અને ક્લાસિકલ વોકલ સોલોમાં દ્વિતીય ક્રમાંક તેમજ એકાંકી નાટક, વેસ્ટર્ન વોકલ અને વેસ્ટર્ન ગ્રુપ સોંગમાં તૃતીય ક્રમાંક મેળવી કોલેજનું નામ રોશન કર્યું છે. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શ્રી રામકૃષ્ણ સેવા મંડળના પદાધિકારીઓ તથા આચાર્ય ડો. વી. એમ. વણારે વિજેતા વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. આ સફળતામાં વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ અને પ્રોત્સાહન પૂરું પાડવા બદલ સાંસ્કૃતિક સમિતિના સંયોજક ડો. સંધ્યા જોશી અને ડો. રિશિતા મેકવાનનું માર્ગદર્શન સરાહનીય રહ્યું હતું.

આણંદની એનએસ પટેલ આર્ટ્સ કોલેજ 'કલાન્ત' યુવક મહોત્સવમાં ચેમ્પિયન બન્યું

આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતરકોલેજ યુવક મહોત્સવ 'કલાન્તર-2026' માં એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ, આણંદે શાનદાર પ્રદર્શન કરીને ચેમ્પિયનનો ખિતાબ પોતાના નામે કર્યો છે. આ કોલેજના વિદ્યાર્થીઓએ ગ્રૂપ સોંગ (ઇન્ડિયન/વેસ્ટર્ન), ઇલોક્યુશન, કાર્ટૂનિંગ અને વેસ્ટર્ન વોકલ સોલો જેવી વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સિવાય ડિબેટ, કોલાજ, ક્લે મોડેલિંગ અને લાઇટ વોકલ સોલોમાં દ્વિતીય ક્રમ તેમજ ક્લાસિકલ વોકલ સોલોમાં તૃતીય ક્રમ મેળવી વિશેષ સિદ્ધિ મેળવી હતી. આ ગૌરવપૂર્ણ સફળતા બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. ભીખુભાઈ પટેલ, અન્વેષભાઈ પટેલ અને આચાર્ય ડો. પ્રશાંત પટેલે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

લુણાવાડાના અર્બન હેલ્થ સેન્ટર ખાતે ભવ્ય 'મેગા રક્તદાન કેમ્પ' યોજાયો

લુણાવાડા | લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે માનવસેવાના ભાગરૂપે યોજાયેલા 'મેગા રક્તદાન કેમ્પ'માં નગરજનો અને સ્થાનિકોએ મોટી સંખ્યામાં રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ ડો. કીર્તિ પટેલ, ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા, રૂસિન પંડ્યા અને ચિંતન પટેલ સહિતના આગેવાનોએ હાજરી આપી રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન લુણાવાડાના ડોક્ટર પરિવારના ખાસ સહયોગ અને માર્ગદર્શન હેઠળ સંપન્ન થયું હતું.